સોમવારથી ગેંગ રેપ કેસમાં ટ્રાયલ વિધિવતરીતે શરૂ

તમામ આરોપીઓ હવે મહત્તમ સજાનો સામનો કરી શકે છે : આરોપી અને પ્રોસિક્યુશન માટેના વકીલોની દલીલો પરિપૂર્ણ : છઠ્ઠો આરોપી માઈનોર છે

નવી દિલ્હી,તા. ૨

સમગ્ર દેશને હચમચાવી મુકનાર દિલ્હી ગેંગ રેપ કેસમાં પાંચ આરોપી સામે દિલ્હીમાં ફાસ્ટ ટ્રેક કોર્ટે આજે આરોપો ઘડ્યા હતા. સોમવારથી ગેંગ રેપ કેસમાં ટ્રાયલ વિધિવતરીતે શરૂ થશે. આ કેસમાં પુરાવાની નોંધણી પણ મંગળવારથી શરૂ કરવામાં આવશે. ફાસ્ટ ટ્રેક કોર્ટમાં સુનાવણી ૨૧મી જાન્યુઆરીએ શરૂ થઈ જશે. ગયા મહિને આ કોર્ટની રચના કરાઈ હતી. આરોપીઓ હવે ટ્રાયલનો સામનો કરશે જેના માટે મહત્તમ મૃત્યુદંડ સુધીની સજા થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૬મી ડિસેમ્બરના દિવસે દિલ્હીમાં ચાલતી બસમાં પેરા મેડિકલની વિદ્યાર્થિની પર સામૂહિક બળાત્કારનો બનાવ બન્યો હતો. સાથે સાથે આ યુવતિને નિર્દયરીતે માર મારવામાં આવી હતી. સિંગાપોરમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા બાદ તેનું મોત થયુ હતુ. ૧૩ દિવસ સુધી જીવન મરણ વચ્ચે રહ્યા બાદ આ યુવતિનું મોત થઈ ગયુ હતુ. ફાસ્ટ ટ્રેક કોર્ટે પાંચ કુખ્યાત શખ્સ સામે આજે આરોપો ઘડ્યા હતા. આરોપીઓને પ્રોસિક્યુશન માટેના વકીલોએ ગેંગ રેપમાં છ આરોપીઓ પૈકીના પાંચ સામે તેમની દલીલો સમેટી લીધી હતી. જુએનાઈલ જસ્ટિસ બોર્ડે છઠ્ઠા આરોપીને ગયા મહિને માઈનોર તરીકે જાહેર કર્યો હતો. તેનો કેસ બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવશે. જે પાંચ કુખ્યાત આરોપીઓ છે તેમાં બસ ડ્રાઈવર રામસિંહ, તેના ભાઈ મુકેશ, ફુટ સેલર પવનગુપ્તા, જિમ ઈન્ટ્રક્ટર વિનય સર્મા, બસ ક્લિનર અક્ષય ઠાકુરનો સમાવેશ થાય છે. આ તમામ પાંચેય આરોપીઓ હાલમાં દિલ્હીની તિહાર સેન્ટ્રલ જેલમાં છે. આ કેસમાં સુનાવણી ૨૧મી જાન્યુઆરીના દિવસે શરૂ થઈ હતી. ફાસ્ટ ટ્રેક કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. મહિલાઓ સામે ગુનાઓને લઈને

દેશભરમાં નારાજગીનું મોજુ ફરી વળ્યા બાદ ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવી હતી. આરોપીઓને શરૂઆતમાં ગેંગ રેપના બનાવના ૧૮ દિવસ બાદ સાકેત કોર્ટમાં વિધિવતરીતે આરોપો મુકવામાં આવ્યા હતા. તેમના પર ભોગ બનેલી યુવિતના પુરુષ મિત્રને પણ માર મારવાનો આક્ષેપ મુકવામાં આવ્યો હતો. ૪૦ મિનિટ સુધી અત્યાચાર ગુજાર્યા બાદ ચાલતી બસમાંથી તેમને ફેંકી દેવામાં આવ્યા હતા. આ કેસમાં મુખ્ય સાક્ષી પૈકી ભોગ બનેલી યુવતિનો પુરુષ મિત્ર મુખ્ય સાક્ષી છે. ચાર્જશીટ હજારો પાનામાં છે જેમાં ભોગ બનેલી યુવતિનુ નિવેદન, આરોપીઓની વિગત, પુરાવા, ફોરેન્સીક અહેવાલનો સમાવેશ થાય છે. પોલીસે ઈન્ડિયન પિનલ કોડની જુદી જુદી કલમ હેઠળ આરોપો મુક્યા છે જેમાં કલમ ૩૦૨(હત્યા), ૩૦૭(હત્યાનો પ્રયાસ), ૩૭૬(૨)(જી) (ગેંગરેપ), ૩૭૭(અમાનવીય ગુના),૩૯૫ લૂંટ, ૩૯૬(લૂંટમાં હત્યા), ૩૬૫(ખરાબ ઈરાદા સાથે અપહરણ) ૨૦૧(પૂરાવના નાશ), ૧૨૦(બી)(કાવતરુ) અને અન્ય કલોમોનો સમાવેશ થાય છે. તમામ આરોપીઓની ૧૭-૨૧ ડિસેમ્બર દિવસે ધરપકડ કરવામાં આવી હતી. દેશભરમાં દેખાવોનો દોર ચાલ્યો હતો. કેન્દ્રિય કેબિનેટે શુક્રવારના દિવસે એક એવા વટહુકમને મંજુરી આપી હતી જેમાં મહિલાઓ સામે ગુનાઓના કેસમાં સજાને મહત્તમ કરવાની માંગ કરવામાં આવી હતી. સરકારે આ વટહુકમને જારી કરવા રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને અપીલ કરી હતી. ઝડપી ન્યાયની ખાતરી કરવા માટે કાયદાઓની સમીક્ષા કરવા ૨૩મી ડિસેમ્બરના દિવસે સરકાર દ્વારા વર્મા કમિટીની રચવા કરવામાં આવી હતી. જેમાં મહત્તમ સજાની ભલામણ કરવામાં આવી હતી. વર્મા કમિટીએ ૨૩મી જાન્યુઆરીના દિવસે સરકારને પોતાનો અહેવાલ સોંપ્યો હતો.

મનરેગા બેંક ખાતાથી રોકડ સ્કીમને મદદ મળશે : સિંહ

નવી દિલ્હી,તા. ૨

વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યુ હતુ કે મનરેગા બેંક ખાતાઓથી કેશ ટ્રાન્સફર સ્કીમને ફાયદો થશે. આનાથી ગ્રામિણ વિસ્તારોમાં વિકાસની ગતિ વધુ તીવ્ર બનશે. મનરેગા હેઠળ બેંક ખાતાઓ ખોલવામાં આવ્યા છે જેનાથી સરકારની સીધી રોકડ ટ્રાન્સફર સ્કીમમાં મદદ મળશે. મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પોલયમેન્ટ ગેરેન્ટી એક્ટ(મનરેગા)ના

ઉજવણી કાર્યક્રમમાં બોલતા વડાપ્રધાને કહ્યુ હતુ કે આ સ્કીમના અમલીકરણ બાદ ચાર કરોડથી વધુ બેંક ખાતાઓ ખોલવામાં આવ્યા છે. ઘણા વધુ બેંક ખાતાઓ પોસ્ટ ઓફીસમાં શરૂ કરવામાં આવ્યા છે. આ ખાતાઓથી ડાયરેક્ટ કેશ બેનિફિટ ટ્રાન્સફર સ્કીમમાં મદદ મળશે. મનરેગા વિશ્વમાં ગરીબી નાબૂદી માટે ચાલી રહેલી સૌથી મોટી અને મહત્વકાંક્ષી સ્કીમો પૈકીની એક છે.

વડાપ્રધાને કહ્યુહતુ કે આ સ્કીમ આવનાર દિવસોમાં પણ વધુ મદદરૂપ થાય તેવા પ્રયાસ થઈ રહ્યા છે. વડાપ્રધાને અન્ય મુદ્દાઓ પર પણ વિસ્તારપૂર્વક વાત કરી હતી. વડાપ્રધાને ઉમેર્યું હતુ કે મનરેગામાં જુદા જુદા સ્તરે ઈન્ફરમેશન ટેકનોલોજીના ઉપયોગથી વધુ સારા સંચાલનનો માર્ગ મોકળો થયો છે. સાથે સાથે સરકારી કામમાં પારદર્શકતા આવી છે.સિંહે કહ્યુ હતુકે છેલ્લા એક વર્ષમાં આ સ્કીમના સંબધમાં કેન્દ્રએ ઘણી નવી પહેલ કરી છે. જો મનરેગા અને ઈન્ટેગ્રેટેડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સ્કીમના સંબંધમાં વધુ સંશાધનો ઉપલબ્ધ થશે તો સુધારા કરી શકાય છે. વડાપ્રધાને રાજ્યો સાથે વાતચીત કરવા ગ્રામિણ વિકાસ મંત્રાલયને સૂચના આપી હતી. પંચાયતોને પણ પૂરતી મદદ કરવા આવી રહી છે. સિંહે કહ્યુ હતુ કે આનાથી લેબર બજેટ યોગ્યરીતેતૈયાર કરવામાં મદદ મળશે. આનાથી પંચાયતી રાજ સંસ્થાઓ વધુ મજબુત થશે. વિકાસ કામગીરીમાં લોકોની ભાગીદારી વધશે. સિંહે શ્રેણીબદ્ધ મુદ્દાઓ પર આ પ્રસંગે વાત કરી હતી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે મનરેગાથી ગ્રામિણ વસ્તીના નાણાંકીય સમાવેશમાં તેજી આવી છે. પરિષદમાં ઉદ્ઘાટન સત્રમાં બોલતા સિંહે કહ્યુ હતું કે ૩૦ નવા કામ મનરેગા હેઠળ મંજુર કરવામાં આવેલા કામની યાદીમાં ઉમેરવામાં આવ્યા છે. કૃષિ મારફતે મુખ્યરીતે ગ્રામિણ ક્ષેત્રોમાં રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

યુવરાજ રાહુલ પાંચમીએ અમેઠીમાં લોકોને મળશે

અમેઠી,તા. ૨

કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવ્યા બાદ પ્રથમ વખત રાહુલ ગાંધી બે દિવસ માટે અમેઠીનો પ્રવાસ કરશે. અમેઠીની યાત્રા દરમિયાન રાહુલ ગાંધી અન્યો સાથે પણ વાતચીત કરશે. તેઓ પક્ષના કાર્યકરો અને ટોચના નેતાઓને પણ મળશે. મળેલી માહિતી મુજબ રાહુલ ગાંધી તેમના સંસદીય મતવિસ્તારમાં પાંચમી અને છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે જશે. જિલ્લા મેજિસ્ટ્રેટ વિદ્યભૂષણે માહિતી આપતા કહ્યુ હતુ કે સ્થાનિક સાંસદની બે દિવસની યાત્રાને સમર્થન મળી ચુક્યુ છે. રાહુલ ગાંધી પાંચમી ફેબ્રુઆરીના દિવસે અમેઠી પહોંચશે. રાહુલ કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે તેમની નિમણૂંક કરવામાં આવ્યાના એક પખવાડિયા બાદ અમેઠીમાં જઈ રહ્યા છે. સામાન્ય ચૂંટણીના સંબધમાં પણ વાતચીત કરવામાં આવશે. ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસની સ્થિતિને મજબુત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે. યુવા કોંગ્રેસના અગ્રણી નેતાઓને પણ મળશે.

ઝારખંડમાં બે લેન્ડમાઈન મળી આવતા ભારે દહેશત

રાંચી,તા. ૨

ઝારખંડના રામગઢ જિલ્લામાં બે લેન્ડમાઈન અને વિસ્ફોટકોનો જથ્થો આજે મળી આવ્યો હતો. પોલીસે કહ્યુ છેકે ચોક્કસ બાતમીના આધારે રામગઢ જિલ્લામાં એક મકાન પર દરોડો પાડવામાં આવ્યો હતો. જે દરમિયાન ૧૦ કિલો વજન ધરાવતી બે સુરંગો મળી આવી હતી. આ ઉપરાંત ત્રણ કિલોની વિસ્ફોટક સામગ્રી પણ મળી આવી હતી. પોલીસે મકાનમાંથી ૧૦ ડિટોનેટર અને કેટલિક જિલેટિનની છડીઓ પણ કબજે કરી હતી. આ સંબંધમાં કોઈની ધરપકડ કરવામાં આવી નથી. મકાનના માલિકને દરોડા અંગે જાણ થતા ફરાર થઈ ગયો હતો. પોલીસને શંકા છે કે આ સુરંગો અને ડિટોનેટર માઓવાઈઓને પહોંચાડવામાં આવનાર હતા. માઓવાદીઓ ઝારખંડના ૨૪ જિલ્લાઓ પૈકી ૧૮માં સક્રિય થયેલા છે.

માતા વૈષ્ણોદેવીની પ્રતિકૃતિ સાથે બે અબજ સિક્કા જારી

નવી દિલ્હી, તા. ૨

વડાપ્રધાન મનમોહનસિંહે માતા વૈષ્ણોદેવી દેવસ્થાન બોર્ડની

રજત જયંતીના પ્રસંગે વૈષ્ણોદેવીના ફોટા સાથે રૂપિયા પાંચ અને રૂપિયા ૧૦ના સિક્કા જારી કર્યા છે. જમ્મુ કાશ્મીર રાજભવન દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આ મુજબની વાત કરવામાં આવી છે.

નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ગઈકાલે સાંજે આ પ્રસંગે મનમોહનસિંહે કહ્યું હતું કે માતા વૈષ્ણોદેવી મંદિર દેશના સૌથી લોકપ્રિય અને મોટા ધાર્મિક સ્થળ પૈકી એક છે. અહીં દર વર્ષે લાખો લોકો શ્રદ્ધા સાથે પહોંચે છે. તેમને એમ પણ કહ્યું હતું કે કરોડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ પવિત્ર સ્થળ પર પહોંચે છે જેથી તેમને વિશ્વાસ છે કે માતા વૈષ્ણોદેવીના ફોટા સાથેના બે અબજ સિક્કા આ શ્રદ્ધાળુઓના ઉત્સાહને વધારશે. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલ એન એમ વોરા, મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા અને કેન્દ્રીય પ્રધાન ફારુક અબ્દુલ્લા પણ ઉપસ્થિત રહ્યા હતા. માતા વૈષ્ણોદેવી ધાર્મિક સ્થળને લઈને શ્રદ્ધાળુઓમાં હમેશા ઉત્સાહ રહે છે. બારેમાસ આ ધાર્મિક સ્થળો ઉપર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. રાજ્યપાલ વોરા પણ વૈષ્ણોદેવી સાથે સંકળાયેલી સંસ્થામાં જોડાયેલા છે. વૈષ્ણોદેવી ખાતે આવતા શ્રદ્ધાળુઓની સુરક્ષા વ્યવસ્થા તથા વૈષ્ણોદેવીની આસપાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને દિનપ્રતિદિન વધુ મજબૂત કરીને લોકોની સુવિધા વધારવાના પ્રયાસો થતા રહ્યા છે.

માતા વૈષ્ણોદેવીની પ્રતિકૃતિવાળા બે અબજ સિક્કાને લઈને શ્રદ્ધાળુઓમાં આત્મવિશ્વાસ વધશે અને તેને મેળવવા માટેનો નવો ઉત્સાહ જાગશે.

આઈપીએલના ખેલાડીની આજે હરાજી

ચેન્નાઈમાં યોજાનારી હરાજીમાં આઠ દેશોના કુલ ૧૦૧ ક્રિકેટરો માટે બોલી લાગશે

ચેન્નાઈ, તા.૨

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૬ની સિઝન માટે આવતીકાલે ત્રીજી ફેબ્રુઆરીના દિવસે ખેલાડીઓની હરાજી કરવામાં આવનાર છે. આને લઈને જોરદાર ઉત્સુકતા દેખાઈ રહી છે. ચેન્નાઈમાં યોજાનાર હરાજી માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આઠ દેશોના કુલ ૧૦૧ ક્રિકેટરો માટે હરાજી કરવામાં આવનાર છે. આ ખેલાડીઓને ખરીદવા માટે નવ ફ્રેન્ચાઈઝી તૈયારી કરી ચુકી છે. હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગમાં સાત ભારતીય ખેલાડીઓની પણ હરાજી કરવામાં આવનાર છે. આ વખતે હરાજીમાં મુખ્ય આકર્ષણ ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ અને ઓસ્ટ્રેલિયન કેપ્ટન માઈકલ ક્લાર્ક રહે તેવી શક્યતા છે. ખેલાડીઓને બેઝ પ્રાઈઝ કેટલી રહેશે તેને લઈને ઉત્સુકતા રહી છે. રિકી પોઈન્ટિંગની બેઝ પ્રાઈઝ ૨ કરોડ ૧૦ લાખ અને માઈકલ ક્લાર્કની બેઝ પ્રાઈઝ ૨ કરોડ ૧૦ લાખ રાખવામાં આવી છે. આઈપીએલ-૬ની હરાજીમાં પોન્ટિંગ અને ક્લાર્કે સૌથી વધુ બેઝ પ્રાઈઝ મૂકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ બંને ખેલાડી અગાઉ આઈપીએલમાં એક-એકવાર રમી ચૂક્યા છે. પોન્ટિંગ વર્ષ ૨૦૦૮માં કોલકાતા નાઈટ રાઈડર્સ માટે રમ્યો હતો જ્યારે માઈકલ ક્લાર્ક વર્ષ ૨૦૧૨માં પૂણે વોરિયર્સ તરફથી રમ્યો હતો. અન્ય જે સ્ટાર ખેલાડીઓની હરાજી કરવામાં આવનાર છે તેમાં વિન્ડીઝના ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે. ટ્વેન્ટી-૨૦ વર્લ્ડ ચેમ્પિયન વિન્ડીઝ ટીમના કેપ્ટન ડેરેન સમ્મી, મેટ પાયર, રવિ બોપારા, જોહાન બોથા, દિનેશ ચંદિમલ, માર્ટિન ગુપ્ટિલનો સમાવેશ થાય છે. ભારતીય ખેલાડીઓ પણ હરાજીની યાદીમાં રહેલા છે જેમાં અભિષેક નાયર, વસીમ જાફર, આરપીસિંહ, જયદેવ ઉન્નડકર, પંકજસિંહનો સમાવેશ થાય છે. આ વખતે પણ આઈપીએલ-૬ની સિઝન માટે પાકિસ્તાની ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી. પાકના કોઈ ક્રિકેટર જોવા મળશે નહીં. આઈપીએલ સંચાલન પરિષદે ૧૦૧ ખેલાડીઓની યાદીમાં પાકિસ્તાનના કોઈપણ ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી. વધારે સુપર સ્ટાર ખેલાડીઓ નહીં હોવાના કારણે હરાજીમાં ઉત્સુકતા ઓછી રહેવાની પણ શક્યતા કેટલાક લોકો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે છતાં આઈપીએલને રોમાંચક બનાવવા માટે આયોજકો દ્વારા તમામ તૈયારી કરવામાં આવી છે.

સમાચાર ઝલક

- તા.૨૦મી ફેબ્રુઆરીએ ગુજરાતનું અંદાજપત્ર, તા.૨૬મી ફેબ્રુઆરીએ રેલવેનું અંદાજપત્ર, તા.૨૮મી ફેબ્રુઆરીએ કેન્દ્રીય અંદાજપત્ર.
- ડિઝલની કિંમતમાં દર મહિને ૫૦ પૈસાનો વધારો થશે.
- ગ્રુપ બી એબી વિદ્યાર્થી માટે હવે ગુજકેટ પરીક્ષા લેવાશે.
- રાજકોટમાં દિલધડક રૂપિયા ૬૦ લાખની સોનાની લૂંટ.
- મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરામાં સ્કર્ટ પહેરવા પર મનાઈ-મનમાની કિસ્સો.
- હવે ફીલ્મ રેસ-૨ વિવાદમાં ફસાઈ.
- હોલીવુડની સૌથી આદર્શ જોડી બ્રાડ પીટ-એન્જેલિના જોલી મેના છેલ્લા સપ્તાહમાં લગ્ન કરશે.
- હાર્ટ દર્દીઓને ટુંક સમયમાં હપ્તાથી ચુકવણી કરવાની સગવડ મળશે.
- સિનીયર સીટીઝનોના બેન્ક થાપણો પર અડધો ટકો વ્યાજ બંધ કરવા રીઝર્વ બેંકની હિલચાલ.
- મોંઘવારી વધતાં ભારતીયો બિસ્કીટ-સાબુ-શેમ્પુની ખરીદીમાં ઘટાડો કર્યો છે.
- આવતા સપ્તાહમાં ઠંડીના છેલ્લા રાઉન્ડની શક્યતા.
- સ્ટેમ્પ ડયુટીમાં ઘટાડો કરવા ગુજરાત સરકારની હિલચાલ.
- બેંક-વિમાના કર્મચારીઓનો ડી.એ. સ્લેબ ૨૫થી વધીને ૬૭ થશે. જાન્યુઆરીથી અમલી બનશે.
- આતંકવાદીઓ ઘુસ્યા હોવાના હેવાલ પગલે ભારે સાવચેતી.
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડો. શર્માની છત્તીસગઢ યુનિવર્સિટીના કુલપતિપદે નિમણુંક.
- ખંડણીખોરોના ત્રાસથી થાન સિરામીક ઉદ્યોગ ગૃહોની અચોકકસ મુદતની હડતાળ.
- ડુંગળી પર તાત્કાલિક અસરથી નિકાસબંધીની શક્યતા.

પીએમ પદના ઉમેદવાર માટે મોદી સૌથી આગળ

લખનૌ,તા. ૨

ભાજપમાં વડાપ્રધાન પદના ઉમેદવારના નામને લઈને સતત ચર્ચા થઈ રહી છે. પાર્ટી પ્રમુખ રાજનાથસિંહે સ્પષ્ટતા કરી છે કે સંસદીય સમિતિ દ્વારા ઉમેદવારના નામ અંગે નિર્ણય લેવામાં આવશે પરંતુ પક્ષની અંદર મોદીના નામને લઈને ભારે ચર્ચા ચાલી રહી છે. યશવંત સિંહાએ મોદીની તરફેણ કર્યા બાદ પક્ષના વરિષ્ઠ નેતા કાલરાજ મિશ્રાએ પણ કહ્યુ છે કે નરેન્દ્ર મોદીનું નામ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવારોમાં સૌથી આગળ છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ભાજપ અને સંઘના નેતાઓની બેઠકમાં પીએમ પદના ઉમેદવાર તરીકે કોઈનું નામ નક્કી કરવામાં આવ્યુ ન હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપની અંદર આંતરિકરીતે મોદીના નામ પર ચાલી રહેલી ચર્ચા વચ્ચે પક્ષના વરિષ્ઠ નેતા યશવંત સિંહાએ જાહેરમાં કહ્યુ હતુ કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવા જોઈએ.

ભારત સુરક્ષાની દષ્ટિએ ચારેય બાજુ ઘેરાયું

દરિયામાં ચીનની દખલ સતત વધતા ભારત ખૂબ જ ચિંતાતુર

નવી દિલ્હી, તા.૨

હિંદ મહાસાગરમાં ચીનની દરમિયાનગિરી દિનપ્રતિદિન વધી રહી છે. ચીન એકબાજુ શ્રીલંકાના હંબનટોટામાં પોતાની સ્થિતિ મજબૂત બનાવી ચૂકી છે સાથે સાથે માલદીવને પણ પોતાની તરફેણમાં કરવા પ્રયાસ કરી રહ્યું છે. આ ઉપરાંત બાંગ્લાદેશના ચિતગોંગમાં પણ ચીન એક પોર્ટ બનાવવાની કામગીરીમાં

વ્યસ્ત છે. બંગાળના અખાત, હિંદ મહાસાગર અને અરબ સાગરમાં ચીનની ઉપસ્થિતિથી ભારતની ચિંતા સતત વધી રહી છે. સુરક્ષાની દંષ્ટિએ ભારત ચારેબાજુથી ઘેરાઈ રહ્યું છે. ચીન વ્યૂહાત્મક ઈરાદાથી ભારત ઉપર દબાણ વધારવાના હેતુસર આ પ્રક્રિયાને આગળ વધારી રહ્યું છે. ચીન નેવલ બેઝ બનાવવાની પણ ઈચ્છા ધરાવે છે. જો કે આના માટે ચીનને ઘણી મહેનત કરવી પડશે. આના માટે ગ્વાદર પોર્ટથી લઈને પાકિસ્તાન મારફતે પાઈપ લાઈન બિછાવાની જરૂર પડશે. આના માટે કંટેનર ટર્મીનલ, રેલ અને માર્ગોની પણ વ્યવસ્થા કરવી પડશે. અને આમા ખૂબ સમય જતો રહે તેવી સ્થિતિ છે. ચીનની વધતી જતી પ્રવૃત્તિ અંગે ભારત સરકારે હજુ કોઈ સ્પષ્ટ વલણ આપ્યું નથી.

દેશમાં માઓવાદ વિરોધી ઓપરેશન વધુ તીવ્ર બનશે

નવી દિલ્હી, તા.૨

નકસલવાદ વિરોધી ઓપરેશનને વધુ મજબૂત કરવાની તૈયારી કરી લેવામાં આવી છે જેના ભાગરૂપે આઈએએફએ ચાર ગરુડ કમાન્ડોને તેના હેલિકોપ્ટરો પૈકીના એકમાં તેનાત કરવાનો નિર્ણય કર્યો છે. આઈએએફ હેલિકોપ્ટરને ચાર કમાન્ડો ઉપલબ્દ કરાવવામાં આવશે. છત્તીસગઢમાં ઘણા ઓપરેશનમાં તકલીફ પડી રહી છે. આઈએએફ દ્વારા ગૃહમંત્રાલય સમક્ષ એવી ફરિયાદ કરવામાં આવી છે કે પોલીસ ફોર્સની હાજરી પૂરતી સાબિત થઈ રહી નથી. હેલિકોપ્ટર માટે કમાન્ડોની જરૂર છે. હાલમાં જ એમઆઈ-૧૭ હેલિકોપ્ટરને તાકિદનું ઉતરાણ કરવાની ફરજ પડી હતી. કારણ કે માઓવાદીઓ દ્વારા તેના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ બનાવ ૧૮મી જાન્યુઆરીના દિવસે બન્યો હતો. અલબત્ત પાઈલોટો સુરક્ષિત રીતે વિમાનને ઉતારી લેવામાં સફળતા મેળવી હતી પરંતુ બનાવને લઈને ખળભળાટ મચી ગયો હતો.

અમેરિકામાં બેરોજગારીનો દર જાન્યુઆરીમાં ૭.૯ ટકા

વોશિંગ્ટન,તા. ૨

અમેરિકામાં બેરોજગારીના દરમાં સતત વધારો થઈ રહ્યો છે જે અમેરિકાના નબળાં અર્થતંત્ર અંગે સ્પષ્ટ સંકેત આપે છે. અમેરિકામાં શ્રમવિભાગ દ્વારા જારી કરવામાં આવેલા નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકામાં બેરોજગારીનો દર જાન્યુઆરી મહિનામાં ૭.૯ ટકા થઈ ગયો છે જે ડિસેમ્બર ૨૦૧૨માં ૭.૮ ટકા હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કુલ નોનફાર્મ પેરોલ કર્મચારીઓની સંખ્યામાં જાન્યુઆરી મહિનામાં ૧૫૭૦૦૦ સુધીનો વધારો થયો છે. ખાનગી ક્ષેત્રમાં ગયા મહિનામાં ૧૬૬૦૦૦ નોકરીની તકો સર્જાઈ હતી. તમામ સ્થળે સરકારે ગયા મહિનામાં ૯૦૦૦ નોકરીમાં કાપ મૂક્યો છે.

ખર્ચમાં કાપ મૂકવાના હેતુસર સરકાર દ્વારા આ હિલચાલ હાથ ધરવામાં આવી હતી. જાન્યુઆરી મહિનામાં કુલ બેરોજગાર અમેરિકનોની સંખ્યા ડિસેમ્બર મહિનામાં ૧૨.૨ મિલિયનની સામે વધીને ૧૨.૩ મિલિયન સુધી થઈ ગઈ છે. ગયા મહિનામાં જુદા જુદા સેક્ટરોમાં રોજગારીમાં વધારો થયો હતો જેમાં કન્સ્ટ્રકશન, મેન્યુફેક્ચરીંગ, ટ્રાન્સપોર્ટેશન, યુટીલીટી, હેલ્થકેરનો સમાવેશ થાય છે. અમેરિકી અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્રોએ સતત ૩૫ મહિનાઓ સુધી સ્થિતિ સુધારવામાં ભૂમિકા ભજવી છે. આ ગાળા દરમિયાન ૬.૧ મિલિયન રોજગારીની તકો ઊભી કરવામાં આવી છે. નિવેદનમાં વાઈટ હાઉસ કાઉન્સીલ ઓફ ઈકોનોમીક એડવાઈઝર્સના ચેરમેન એલેન ક્રુગર દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. તેમનું કહેવું છે કે હજુ ઘણું કામ બાકી છે પરંતુ રોજગારીના આંકડા પુરાવા આપે છે કે અમેરિકી અર્થતંત્ર મંદી બાદથી હવે રિકવરીની સ્થિતિમાં છે. પરંતુ હજુય સંપૂર્ણપણે બહાર આવવામાં સમય લાગી શકે છે. અર્થતંત્રને વધુ મજબૂત કરવા વિશેષ પોલીસી ઉપર કામ કરવાની જરૂર છે. મધ્યમ વર્ગના લોકોને રાહત આપે તે પ્રકારનો કામ થવું જોઈએ.